ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૮ ઓક્ટોબર, ૨૦૨૬



દિલીપ કુમારને કઇ વાતનો હતો પસ્તાવો? Pg.2



મને કોઈ પાત્ર સાથે ન્યાય ન કરવાનો ડર લાગે છેઃ રાજકુમાર રાવ Pg.4

# જબ કરીના એન્ડ મીરા મેટ

શું થાય જો તમારી એક્સ ગર્લફ્રેન્ડ અને પત્ની ભેગા થાય? કદાચ ટેન્શન આવી જાય અથવા તો બરાબરની તમારી પજવણી થઈ જાય..બરાબરને? પરંતુ, કરીના કપૂર અને મીરા રાજપૂત જ્યારે મળ્યા ત્યારે આમાનું કશું જ ન થયું... અને વળી સોશિયલ મીડિયા પર અફવાઓ અને રમૂજી કમેન્ટ્સનું તોફાન ઊભું થયું તે તો ખરેખર એક રસપ્રદ વાત છે. અત્યાર સુધી કરીના અને મીરા ક્યારેય એકબીજા સાથે વાસ્તવિકમાં મળ્યા ન હતા. બસ, તેઓ ફક્ત એક જ વ્યક્તિને કારણે એકબીજા સાથે જોડાયેલા છે અને તે છે શાહિદ કપૂર.

આ વાત તો બધા જાણે જ છે કે કરીના અને શાહિદ એક સમયે ડેટિંગ કરતા હતા અને તેમનો એ સંબંધ 2004માં શરૂ થયો હતો અને તેમણે ફિદા, ચુપ ચુપ કે, 36 ચાઈના ટાઉન અને જબ વી મેટ સાથે કરી હતી. કરીના શાહિદને એટલો પ્રેમ કરતી હતી કે તે શાહિદની જેમ શાકાહારી બની ગઈ હતી અને તેનાથી પ્રેરણા લઈને યોગાભ્યાસ પણ કરતી હતી. આ બધું હોવા છતાં, 2007માં જબ વી મેટના અંતિમ શૂટિંગ વખતે તેમનું બ્રેકઅપ થઈ ગયું. 2012માં કરીનાએ સૈફ અલી ખાન સાથે અને 2014માં શાહિદે મીરા રાજપૂત સાથે લગ્ન કરી લીધા. કરીના અને શાહિદ ત્યાર બાદ ક્યારેય સાથે કામ કર્યું નથી અને ક્યારેય કોઈ ઈવેન્ટમાં પણ સાથે આવ્યા નથી. તેઓ એકબીજા સાથે બ્રેકઅપ બાદ પણ દોસ્તી રાખી શકવામાં કમ્ફર્ટેબલ રહ્યા નથી, તો પછી કરીના અને મીરા એકબીજા સાથે કેવી રીતે કમ્ફર્ટેબલ થઈ શકે? એ વાત દર્શકોના ગળે ઉતરતી નથી. એટલે, આટલા વર્ષો પછી જ્યારે કરીનાએ મીરાને તેનાં શો 'વોટ વીમેન વોન્ટ' માટે ઈન્વાઈટ કરી અને તેમની વચ્ચે જે ઉષ્માભર્યો સંબંધ વિકસ્યો તે જોઈને બધાને નવાઈ લાગી.

કરીના અને તેનો પરિવાર પેઢીઓથી બોલિવૂડનો હિસ્સો રહ્યા છે જ્યારે મીરા બોલિવૂડ માટે એક આઉટસાઈડર છે. છતાં, મીરા જે રીતે બોલિવૂડ પાર્ટીઝ અને ફોટોગ્રાફર્સને હેન્ડલ કરે છે, પોતે એક ઉદ્યોગસાહસિક તરીકે સફળતા મેળવી છે તે દાદ માંગી લે તેવું છે.

જ્યારે મીરાએ જણાવ્યું હતું કે તે તેની દીકરી મીશાને ઘરમાં એકલી મૂકીને કે નેનીના ભરોસે મૂકીને કારકિર્દી માટે કામ પર જવા માંગતી નથી. તેણે કહ્યું હતું કે, 'મારી દીકરી કોઈ કુતરાનું બચ્ચું નથી કે તેને ઘરમાં એકલી મૂકીને હું કામ પર જતી રહું. મને મારી દીકરી સાથે સમય વિતાવવાનું વધારે ગમશે. તેને ઘરમાં એકલી મુકવા માટે હું એને આ દુનિયામાં લાવી નથી. એક માતા તરીકે હું તેની સાથે રહેવા માંગું છું.' મીરાની આ કમેન્ટને મીડિયામાં કરીનાના સંદર્ભમાં જોવામાં આવી કારણકે તેણે ત્યારે થોડા સમય પહેલા જ તૈમુરને જન્મ આપ્યો હતો અને તે ફરી તેની ફિલ્મ 'વિરે દી વેડિંગ'ના શૂટિંગમાં વ્યસ્ત થઈ ગઈ હતી. કરીનાએ આ વિષે કહ્યું હતું કે, 'કોઈને પણ વર્કિંગ મધર અને તેના બાળક વચ્ચેના સમીકરણ વિષે બોલવાનો અધિકાર નથી. એક ખુશ વર્કિંગ વુમન જ ખુશ માતા બની શકે છે.' ત્યાર બાદ, 2017માં જ્યારે તૈમુર અને મીશાની બર્થડે પાર્ટીનું અલગ અલગ આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે મીરા અને કરીના બંનેએ એનીમેટેડ સિરીઝની થીમ રાખી હતી જેના કારણે સેલિબ્રિટીઝમાં તેમની ઈવેન્ટ કોણ સ્ટાઈલ કરશે જેથી પુનરાવર્તન થતું દેખાય નહીં, આ બાબત ચિંતાનો વિષય બની ગઈ હતી. આમ, મીડિયા દ્વારા તેમની વચ્ચે ઠંડું યુદ્ધ ચાલતું રહ્યું જેની તેમણે પોતે કોઈ પણ દિવસ પુષ્ટિ કરી ન હતી.

પણ સપ્ટેમ્બર 2026માં કરીના અને મીરાએ તેમની વચ્ચે મતભેદ છે એ વાતને સંપૂર્ણપણે રદિયો આપી દીધો. કરીનાએ તેના શો 'વોટ વીમેન વોન્ટ' સીઝન 6 માટે મીરાને ઈન્વાઈટ કરી અને તેમણે એકબીજા સાથે પ્રેમપૂર્વક વાતચીત કરીને અગાઉની બધી અફવાઓને ખોટી પાડી દીધી. કરીનાએ મીરા વિષે કહ્યું કે 'તે ઘણી પ્રેમાળ અને ઉષ્માભરી છે' તો મીરાએ પણ સામે તેવો જ પ્રતિભાવ આપ્યો કે, 'કરીના જેવો સારો સંગાથ તેને અન્ય કોઈનો ન મળી શક્યો હોત.' આટલું જ નહીં, તેમણે ઈન્સ્ટાગ્રામ પર પણ પોસ્ટ શેર કરવાનું શરૂ કર્યું છે. લોકો તે જોવા ઉત્સુક છે કે શાહિદની એક્સ અને પત્નીએ સાથે મળીને કઇ વાતો કરી હશે? કેટલાકે ગંભીર તો કેટલાકે રમૂજી કમેન્ટ કરી જેમ કે, શું મીશા અને તૈમુરનાં લગ્ન થવાનાં છે? અને વગેરે વગેરે..આખરે તો બધા જ તેમની વચ્ચેની કેમેસ્ટ્રી જોઈને દંગ રહી ગયા. કારણ કે અત્યાર સુધી તેઓ બન્નેએ રૂબરૂ ક્યારેય વાત કરી ન હતી અને વળી, કરીના શાહિદની એક્સ ગર્લફ્રેન્ડ હોવાથી મીરાને મળીને કેવું ફીલ કરતી હશે કે વળી કરીના શાહિદની પત્ની મીરાને મળીને ઓક્વર્ડ ફીલ કરી શકે છે. બોલિવૂડમાં એવા કેટલાક સંબંધો છે જેમનો અંત કડવાશથી આવ્યો છે અને તેમની પત્ની અને તેમની એક્સ ક્યારેય સાથે આવ્યા નથી. જેમ કે, અક્ષય કુમારની પત્ની ટ્વિન્કલ ખન્ના અને અક્ષયની એક્સ ગર્લફ્રેન્ડ્સ રવિના અને શિલ્પા શેટ્ટી ક્યારેય સાથે આવ્યા નથી. પરંતુ, આ વખતે દર્શકોને નવાઈ લાગી જ્યારે કરીના અને મીરાએ હૂંફ અને પ્રેમથી એકબીજાનું સ્વાગત કર્યું અને એકબીજાના વખાણ પણ કર્યા, પણ, આ તો બોલિવૂડ છે. તેમાં સંબંધો ગમે ત્યારે બદલાઈ જાય છે. ક્યારે સુધરે અને ક્યારે બગડે તે કહી શકાય નહીં. હવે, ખરેખર તો જ્યારે આ એપિસોડ ટેલિકાસ્ટ થશે ત્યારે જ આપણને ખબર પડશે કે તેમણે બન્નેએ એવી તે કઇ વાતો કરી કે એક્સ ગર્લફ્રેન્ડ અને પત્ની મિત્રો બની ગયા!

**શાહિદને આ વાતનું ટેન્શન છે કે નહીં ખબર નહીં પણ આપણને તો છે જ કે તેમણે બન્નેએ એવી તે કઇ વાતો કરી કે એક્સ ગર્લફ્રેન્ડ અને પત્ની મિત્રો બની ગયા!**




### કોફી વિથ K એન્ડ M

કરીના અને મીરાએ કઈ વાતો કરી હશે તેના વિશે સોશિયલ મીડિયામાં ખરેખર ઘણી અટકળો ચાલી રહી છે. જેમ કે, કરીના અને મીરા બન્નેને જોડતી કડી છે શાહિદ. શાહિદ જ્યારે ડાયટ ફોલો કરતો હોય ત્યારે ચીટ મીલ લેવા વિશે વાત કરી હશે. શાહિદને અરીસા સામે ઊભા રહીને તૈયાર થવામાં ઘણી વાર લાગે છે. તો ચોક્કસ તેમણે બન્નેએ શાહિદની આ આદતની ઘણી મજાક ઉડાવી હશે. મીરા શાહિદના યુવાન દેખાવાના પ્રયત્નો અને મીરાની Gen- Z અને મિલેનિયલ સ્ટાઈલને ફોલો કરવાનો પ્રયત્ન કરતો હશે તેની તેણે મજાકમાં વાત કરી હશે. તો વળી બીજી બાજુ, કરીનાએ તેના 2000ના સમયનો આઈકોનિક લુક - બલીચ્ડ વાળ અને ઓવરસાઈઝ્ડ ટી-શર્ટને યાદ કર્યા હશે. આ સિવાય તેઓ બન્ને નાના બાળકોની માતા પણ છે તો તેઓ બન્નેએ પોતપોતાના બાળકોની વિચિત્ર વાતો અને આદતો વિશે વાતો કરી હશે. મીરા એક રાજપૂત કલ્ચરમાંથી આવે છે અને કરીના એક ટીપીકલ પંજાબી પરિવારમાંથી આવે છે. એટલે બન્નેએ પોતપોતાના કલ્ચર અને ખાવાની આદતો વિશે વાતો કરી હશે. આ સિવાય, જો વધારે કાલ્પનિક વિચાર કરીએ તો કરીનાનું અમૃતા અરોરા, મલાઈકા અરોરા અને કરિશ્મા કપૂર સાથેનું એક લેજેન્ડરી વોટ્સએપ ગ્રુપ છે જેના પર તેઓ ચર્ચા કરતા હશે કે મીરાને આ શોમાં ઈન્વાઈટ કરવા માટે તે યોગ્યતા ધરાવે છે કે નહીં...] •

## રામાયણની ફી કેન્સરગ્રસ્ત બાળકોને સમર્પિત



કેન્સર સામે લડી રહેલા બાળકોને સાથ આપવાના ઉદ્દેશ્યથી વિવેક ઓબેરોયે પોતાની 50મી વર્ષગાંઠે એક નિર્ણય લીધો છે. કેન્સર રોઝ ડે નિમિત્તે આ એક્ટરએ ગયા વર્ષે આ રોગ સામે લડી રહેલા 50 બાળકોની સારવારની જવાબદારી લઈને આપેલું વચન પૂર્ણ કર્યું છે. વિવેકનો નિર્ણય આ દૃષ્ટિએ મહત્ત્વનો છે કારણ કે, તેણે ઓક્ટોબર 2025માં જ પોતાનો નિર્ણય જણાવી દીધો હતો કે તે નીતેશ તિવારીની મહત્ત્વાકાંક્ષી ફિલ્મ 'રામાયણ'ની સંપૂર્ણ ફી કેન્સરની સારવાર લઈ રહેલા બાળકોને ડોનેટ કરી દેશે. તે ફીનો એક રૂપિયો પણ પોતાના માટે રાખશે નહીં. આ વિશે વધુમાં વિવેક જણાવે છે કે, 'મેં નમિત મલ્હોત્રા, જે ફિલ્મના ડિરેક્ટર છે, તેમને કહ્યું હતું કે મને આ ફિલ્મ માટે એક પૈસો જોઈતો નથી. હું તેની સંપૂર્ણ ફી કેન્સરગ્રસ્ત બાળકોની સારવાર માટે દાનમાં આપવા માંગું છું.'

તેણે રામાયણનો હિસ્સો બનવાનું કારણ સમજાવતા કહ્યું કે, 'મેં આ ફિલ્મના મેકર્સને કહ્યું હતું કે હું તમને સપોર્ટ કરવા માંગું છું કારણ કે મને તમે જે કરી રહ્યા છો તે ગમે છે અને મને લાગે છે કે ભારતીય સિનેમાને વૈશ્વિક મંચ પર તે ધમાકેદાર રીતે પ્રસ્તુત કરશે.'

વિવેકે ગયા વર્ષે આપેલા વચનનું આ વર્ષે પાલન કર્યું છે. તેની 50મી વર્ષગાંઠે તેણે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો અને કેન્સર સામે લડી રહેલા બાળકોની સારવારની જવાબદારી લીધી. તેણે નિર્ણય લીધો કે તેની ફિલ્મ રામાયણની સંપૂર્ણ ફી તે કેન્સર સામે લડત આપી રહેલા બાળકોને સમર્પિત કરી દેશે. વિવેક ઓબેરોય ઘણા વર્ષોથી કેન્સરના દર્દીઓને મદદ કરવા સાથે સંકળાયેલો છે અને તેનો આ નિર્ણય તેની આ ઉદાર પ્રવૃત્તિના ભાગરૂપે જોવામાં આવે છે. વિવેક જે રામાયણ ફિલ્મ કરી રહ્યો છે, તેમાં તેની સાથે મુખ્ય ભૂમિકામાં રણબીર કપૂર, સાંઈ પલ્લવી, સની દેઓલ અને યશ પણ છે. •

બોલિવ્લોગ વિથ પૉપ

## નિમ્રતની પિતાને શ્રદ્ધાંજલિ

નિમ્રત કૌરએ તેના પિતાની પુણ્યતિથિએ પણ એક લાગણીશીલ પોસ્ટ શેર કરી છે. તે યાદ કરે છે કે કેવી રીતે તેના પિતાનું આતંકવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું અને અંતે તેમને મારી નાખવામાં આવ્યા હતા. એરલિફ્ટની આ એક્ટ્રેસ તેના પિતા મેજર ભુપેન્દ્ર સિંઘની યાદો તાજી કરતાં કહે છે કે, '32 વર્ષ પહેલાં મારા શહીદ પિતા મેજર ભુપેન્દ્ર સિંઘ દરરોજની જેમ તેમના યુનિફોર્મમાં ફરજ બજાવવા નીકળ્યા હતા. કાશ્મીરમાં તેઓ ફરજ બજાવી રહ્યા હતા. એક દિવસ આતંકવાદીઓ આર્મી યુનિફોર્મ પહેરીને આવ્યા અને તેમનું અપહરણ કરીને લઈ ગયા. અમારા પરિવારને તેમની 7 દિવસ સુધી કોઈ ભાળ મળી ન હતી. આતંકવાદીઓ 7 દિવસ સુધી અયોગ્ય માંગણીઓ કરતા રહ્યા અને આખરે 7મા દિવસે તેમણે મારા પિતાને મારી નાખ્યા. તે સમયે હું ફક્ત 11 વર્ષની હતી. મને યાદ છે, મેં મારા પિતાને છેલ્લે યુનિફોર્મમાં ઘરની બહાર નીકળતા જોયા હતા અને ત્યાર પછી બીજીવાર સીધા કોફિનમાં જોયા. તેમને હું અંતિમ સમયે મળી પણ ન શકી. જાણે કે તે સંબંધ ત્યાં અધૂરો રહી ગયો! તે સમય અમારા પરિવાર માટે ઘણો પીડાદાયક અને કપરો હતો. મારી માતાએ ઘણી હિંમતથી મને અને મારી બહેનને એકલા હાથે મોટાં કર્યાં.'



તેની માતા અને અન્ય સૈનિકોની વિધવા પત્નીઓ કેટલી હિંમત અને સંઘર્ષ કરીને જીવન જીવતાં હોય છે તે વિશે નિમ્રત જણાવે છે કે, 'જેવી રીતે મારી માતાએ પોતાની જાતને હિંમતથી સંભાળી અને અમારું જીવન પણ સંવાર્યું, તે ખરેખર દાદ માંગી લે તેવું છે. મેજર ભુપેન્દ્ર સિંઘ જેવા શેરદિલ સોલ્જર અને એક પ્રેમાળ પિતાની દીકરી હોવાનું મને ગર્વ છે.' નિમ્રતની આ લાગણીશીલ પોસ્ટ લગભગ દરેક શહીદના પરિવારની પીડા અને સંઘર્ષ દર્શાવે છે. નિમ્રતને છેલ્લે ધ ફેમિલી મેન 3માં, જેમાં મનોજ બાજપાઈ અને જયદીપ અહલાવત મુખ્ય ભૂમિકામાં હતા, તેમાં જોવામાં આવી હતી. •

## સલમાન ભાઈ ને બોલા હૈ...

હાલમાં મુંબઈમાં એક એપાર્ટમેન્ટમાં ફરાહ ખાનને પ્રવેશ કરતાં ફોટોગ્રાફર્સે જોઈ અને ફરાહે તેમને સલમાન ખાનની ચેતવણી યાદ કરાવી કે કોઈના પણ અયોગ્ય રીતે ફોટા પાડવા નહીં. સલમાને બિગ બોસ 20ના વીકએન્ડ કા વારમાં ફોટોગ્રાફર્સ સેલિબ્રિટીઓના અયોગ્ય એંગલથી ફોટા પાડે તેનો વિરોધ કર્યો હતો. સેલિબ્રિટીઓ જાહેર જગ્યાએ કોઈ પણ પરિસ્થિતિમાં હોય, તેઓ કોઈ પણ એંગલથી ફોટા પાડીને સોશિયલ મીડિયા પર મૂકીને સવાલ કરે છે. આ બાબત યોગ્ય નથી અને સલમાનની આ વાત સાથે બોલિવૂડની અન્ય કેટલીક સેલિબ્રિટીઓએ પણ સમર્થન આપ્યું છે.



હાલમાં, ડિરેક્ટર અને કોરિયોગ્રાફર ફરાહ ને મુંબઈની એક બિલ્ડિંગમાં પ્રવેશ કરતી જોવામાં આવી હતી અને ફોટોગ્રાફર્સે તેનો પીછો કર્યો હતો. ત્યારે ફરાહ તેમને યાદ અપાવે છે કે, 'સલમાન ભાઈને બોલા હે ના કે પીછે સે નહીં લેને કા?' તો વળી સાઈ માંજરેકરે પણ કહ્યું કે, જે લોકો આવા ફોટા પાડતા દેખાય તેમને જોરથી તમાચો મારી દેવો જોઈએ. આવા ફોટા ખરેખર તેમને વિચિત્ર પરિસ્થિતિમાં મૂકી દે છે.

સલમાને કહ્યું હતું કે ફોટોગ્રાફર્સ સેલિબ્રિટીઓ કારમાં કે ઘરમાં પ્રવેશ કરતી હોય ત્યારે તેમનો પાછળનો ફોટો પાડે છે. એટલે, તેમની પીઠ કે પગ જ દેખાય છે, જે મોટાભાગે કોઈ પણ છોકરીને ન ગમે તેવો એંગલ બને છે. જોકે, કેટલાક ફોટોગ્રાફર્સ આ વાત સમજે છે અને તેઓ આવા પિક્ચર્સ ક્લિક કરવાનું ટાળે છે. છતાં, હજી થોડા ફોટોગ્રાફર્સ છે, જે વાત સમજતા નથી અને આ પ્રકારના ફોટા લે છે. સલમાન કેટલાક સિનિયર ફોટોગ્રાફર્સનાં વખાણ કરતાં પણ કહે છે કે સિનિયર ફોટોગ્રાફર્સ વાતને સમજે છે અને તેઓ આદરપૂર્વક વર્તન કરે છે. જ્યારે કેટલાક તો મોબાઈલ ફોન લઈને જ ફોટા પાડવા આવી જાય છે. તેઓ ખરેખર ફોટોગ્રાફર્સ છે કે કેમ તે પણ એક સવાલ હોય છે. •